# મસ્કાર સ્વાધ્યાય

ભાગ. ૧ - ૨



ત્રિભુવનને નમસ્કાર



# નમસ્કાર સ્વાધ્યાય ભાગ ૧લો અને ૨જો

**શ્રી ચતુર્વિધ સંઘના અનેક મહાન પૂજ્યોના આશીર્વાદ આ પુસ્તિકાને પ્રાપ્ત થયા છે.**


પ્રકાશક તથા મળવાનું ઠેકાણું :

**શ્રી નવકાર આરાધના ભવન**

**C/o. રમણલાલ ભોગીલાલ પરીખ**

અલીંગ ચકલા, દલાલની ખડકી સામે,

**ખંભાત–૩૮૮ ૬૨૦**

સહાયકો– **શ્રી નવકારના આરાધકો**

મૂલ્ય– **શ્રી નવકારની આરાધના**

સમર્પણ– **શ્રી નવકારના આરાધકોને**

| | | |
|---|---|---|
| ૧૦૦૦ | પ્રથમાવૃત્તિ | વીર સં. ૨૫૧૦ |
| ૧૦૦૦ | દ્વિતીયાવૃત્તિ | વીર સં. ૨૫૧૩ |
| ૨૦૦૦ | તૃતીયાવૃત્તિ | વીર સં. ૨૫૧૫ |


---

**નોંધ :-** આ પુસ્તકને રખડતું મૂકી આશાતના કરવી નહિ, જિનાજ્ઞા વિરૂદ્ધ લખાયું હોય તેનો મિચ્છા મિ દુક્કડં. આરાધકોને આ પુસ્તિકા છપાવવા રજા લેવાની જરૂર નથી. માત્ર જાણ કરવી. થોડી નકલો મોકલવી.


નયન પ્રિન્ટીંગ પ્રેસ અમદાવાદ-ફોન નં. [illegible]૭૫૭૭

# શ્રી નવકાર આરાધના ભવન

(સ્થાપના તા. ૧-૧-૮૧)

શ્રી ચતુર્વિધ સંઘમાં શ્રી નવકાર જિનાજ્ઞા પૂર્વક ગણાય. તેના જાપ અને આરાધના થાય તે માટે પ્રયત્નો કરવા.

જાપ માટે જરૂરી નવકારના ચિત્રો, નવકાર મંત્ર વિગેરે તૈયાર કર્યા છે તે શ્રી સંઘના સાધર્મિક ભાઈબહેનોને ખાસ કરીને પાઠશાળાના બાલક-બાલિકાઓને સમજાવીને-જરૂરી સૂચનાઓ આપીને નવકાર બોલતાં, વાંચતાં અને લખતાં શીખવવો. જાપ કરતાં અને ધ્યાન ધરતાં શીખવવું. નવકાર શા માટે ગણવો ? કેવી રીતે ગણવો ? ક્યારે ગણવો વિગેરે સમજાવવું.

આપ ખંભાત શ્રી સ્થંભન પાર્શ્વનાથજીની યાત્રાએ પધારો, ત્યારે જરૂર મલશો. નવકાર વિષે ઘણું વિચારશું.

જાપ વખતે તન્મય થવા જરૂરી વિગતો સમજાવવી. (અને તે રીતે સર્વે જલ્દી મોક્ષ પામો.)

અઠ્ઠાઈ ઘર — લિ.

શ્રાવણ વદ ૧૨ વી સં સોમવાર શ્રી નવકાર આરાધક ભવન

વી. સં. ૨૫૧૫ — C/o. રમણલાલ ભોગીલાલ

તા. ૨૮-૮-૮૯ — પરીખના પ્રણામ

દલાલની ખડકી સામે,
અલીંગ, ખંભાત-૩૮૮૬૨૦

૧ ઉદારતા ભર્યા સહકારની અપેક્ષા રાખીએ છીએ.

રૂા. ૧૧/- થી ૧૦૧/-

પૂ. પા. પ્રવર્તિની ગુરુદેવશ્રી રંજનશ્રીજી મ. સા.



સ્મરણાંજલી

૩૬ ક્રોડ નમસ્કાર મહામંત્રના જાપક પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય યશોદેવ.સૂરિ મ. સા. ના શિષ્યરત્ન પૂજ્યપાદ. આ. દેવ શ્રીમદ્ વિજય ધનપાલસૂરિ મ. સા. ના આજ્ઞાવર્તિની સ્વ. પૂ. પા પ્રવ. શ્રી રંજનશ્રીજી મ. સા! આપશ્રીએ માતૃબની ચારિત્રમાર્ગમાં હૃદયના ધબકારે જ્ઞાનદિપક પ્રગટાવ્યા. તેલપુર્યું, શ્રદ્ધાના સાથિયા કર્યા, ચારિત્રના ચોક પૂરવા અથાગ પરિશ્રમ કર્યો આ બધા આપશ્રીના અગણિત ઉપકારની સ્મૃતિરૂપે લી આપશ્રીની શરણ કિંકરી વસંતપ્રભાશ્રીજીની અનંતા વંદનાવલી

સૌજન્ય :– સુસંસ્કારદાતા માતુશ્રી પદ્માવતી ગુલાબચંદ ઝવેરી સુરતવાળાના સુપુત્ર અનિલાબેન નરેન્દ્રકુમાર શાહ

શ્રી ગૌતમસ્વામિને નમઃ     શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ

નમો નમઃ ગુરૂપ્રેમસૂરયે

આદર્શ જીવન યાને દીર્ઘ સંયમપર્યાયી સચ્ચારિત્રવંત

પૂ. પ્રવર્તિનીશ્રી રંજનશ્રીજી મ. સા.ની

# જીવન ઝરમર

મળી હતી મીઠી આપની છાયા, આજ અહીં ઢળની કાયા,
નથી આપની અસ્તિ તો, મનડું મેળવે ક્યાંથી મસ્તિ,
તુમ ગુણ ગાવા નથી જડતી પંક્તિ, નથી મારામાં કોઈ કવિત્વ શક્તિ,
ગુરૂ કૃપાએ કરૂં હું અલ્પ ભક્તિ, આપના ગુણ ગાઈ પામું હું મુક્તિ,

ભારતના ભૂષણ સમાન સ્થંભણપુરમાં સં. ૧૯૭૦ શ્રાવણ સુદ ત્રીજના દિવસે પિતા દલપતભાઈના કુળમાં માતા મંગુબેનની કુક્ષી રૂપી રત્નાકરમાંથી રત્ન ઝળક્યું. જે રત્નનું નામ માતાપિતાએ માણેકબેન રાખ્યું. બીજના ચંદ્રમાની જેમ દિવસે દિવસે વધવા લાગ્યા.

માતાના સંસ્કાર, પ્રેરણા અને ચારિત્ર અપાવવા માટેની તીવ્ર ઝંખના તેમજ પૂર્વભવના સંસ્કારના યોગે વૈરાગ્ય રસ વધવા માંડયો.

પણ કુટુંબીઓ તરફથી રજાની આશા ન દેખાઈ તેથી પંદર વર્ષની નાજુક વયે સકરપુર તીર્થમાં જઈ શ્રી ચિંતામણી પાર્શ્વનાથ પ્રભુની નિશ્રામાં સ્વયં ચારિત્ર ગ્રહણ કર્યું. ત્યાંથી વિહાર કરી પાલિતાણા પધાર્યા અને ત્યાંથી કદંબગિરિ તીર્થમાં વિધિસર ચારિત્રની પ્રાપ્તિ થઈ, માણેકબેન પૂ. સુભદ્રાશ્રીજી મ. સા. ના શિષ્યા રંજનશ્રીજી બન્યા. દિવસ હતો એ સંવત ૧૯૮૫ મહા સુદ ૫

પરમ નિઃસ્પૃહી, સમતાસાગર પૂજ્યપાદ આણંદશ્રીજી મ. સા.ની પાવનકારી નિશ્રા... દીર્ઘસંયમી પ્રતિભા સંપન્ન... પૂજ્યપાદ પ્રવર્તિની શ્રી ચંદ્રશ્રીજી મ. સા. ની કૃપાદૃષ્ટિ અને વિદુષીરત્ના પૂજ્યપાદ સુભદ્રાશ્રીજી મ. સા. ની પ્રેરણા અને સિંચનદ્વારા આમ્રવૃક્ષ ગુણોરૂપી ફળોદ્વારા ફુલ્યું ફાલ્યું.

જ્ઞાન, ધ્યાન, ત્યાગ, તપ અને સંયમથી જીવનને મઘમઘાય બનાવ્યું. અભ્યાસ પ્રત્યેનો ખંત એટલો કે વાતચીત કે કોઈની પંચાત નહિ. કર્મગ્રંથ, પંચસંગ્રહ, કમ્મપયડી, લોકપ્રકાશ, તત્વાર્થ, ન્યાય, વ્યાકરણ, કાવ્યનો અભ્યાસ કર્યો. આગમ સૂત્રોના વાંચન કર્યા.

અભ્યાસની સાથે ભક્તિને એવી ગુંથી કે......

પૂજ્ય આણંદશ્રીજી મ. સાહેબ પૂ. ચંદ્રશ્રીજી મ. સા. પૂ. સુભદ્રાશ્રીજી મ. સા. ની ભક્તિ જોનારને આશ્ચર્ય ઉત્પન્ન કરે. પૂ. સુભદ્રાશ્રીજી મ. સા. ની તબિયત ખૂબ જ અસ્વસ્થ રહેતી, તેમાં પણ છેલ્લા પાંચ વર્ષ ખૂબ જ અસ્વસ્થ હતી. લગભગ બધી જ પરાધીનતા પણ ક્યારે ય કંટાળો નહીં, પણ અપૂર્વ ભાવપૂર્વકની ભક્તિ... વીસ વીસ વર્ષ એક ગામમાં સેવા માટે રહ્યા... અનેક શિષ્યા પ્રશિષ્યાઓનો લાભ આ ભક્તિના લાભ આગળ તુચ્છ ગણ્યો. પ્રભુની ભકિત જેમ ઈન્દ્રમહારાજા સ્વયં કરે છે. તેમ અનેક શિષ્યા પ્રશિષ્યાના ગુરૂ હોવા છતાં વડીલોની ભકિત પોતે જાતે જ કરવામાં આનંદ માનતા — ગુરૂમાસી ગુરૂબેનો તેમજ લઘુસાધ્વીજીઓની ભકિત પણ ઉછળતા હૃદયે કરતાં...

કર્મ સાહિત્ય નિષ્ણાત પૂજ્યપાદ પ્રેમસૂરીશ્વરજી મ. સા. તેઓશ્રી ભકિત જોઈ આકર્ષાયા. અનુમોદના કરતા એટલું જ

નહિ પણ મહાત્માઓને ટીપેલું કે આ સાધ્વીઓને યોગાદિકની ક્રિયા માટે ખંતાતમાં સગવડ કરી આપવી.

પૂજ્યપાદ વ્યાખ્યાનવાચસ્પતિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરિ મ. સા. પ. પૂ. પં. કાન્તિવિ. મ. સા. ના વ્યાખ્યાનાદિથી તેમજ મહારાષ્ટ્રકેસરી પૂજ્યપાદ યશોદેવસૂ. મ. સા. પૂ. તપસ્વીરત્ન પૂજ્યપાદ ત્રિલોચનાસૂરિ મ સા. વર્ધમાનતપોનિધિ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરિ મ. સા. તથા વૈરાગ્યદેશનાદક્ષ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય હેમચંદ્રસૂરિ મ. સા. આદિ અનેક મહાત્માઓની પ્રેરણા અને વાચનાઓ દ્વારા જીવન જીવવાની કળા હસ્તગત કરી. સૌમ્યમૂર્તિ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય ધનપાલસૂરિ મ. સા. ની પવિત્ર નિશ્રામાં સંયમજીવનની શીતળતા અનુભવી.

પોતાના સંસારી બેનને પ્રેરણા અને હિંમત આપી સંયમ જીવનના આરાધક બનાવ્યા. નાના ગુરૂબેનનો પણ જવાબદારી લઈ દીક્ષા અપાવી. ઠેઠ સુધી જવાબદારી સંભાળી. અંતે નિર્યામણા કરાવી સમાધિ મૃત્યુને પમાડયા. પંચાવન સાધ્વીઓના જીવન નૈયાના નાવિક બન્યા. અનુક્રમે પ્રવર્તિની પદે સ્થાપના કરાયા....પણ નહિ કોઈ મોટાઈ, નહિ કોઈ આડંબર કે ઠઠારો...

આશ્રિતોને પણ એકજ હિતશિક્ષા આપતા કે "કમખાના" "ગમખાના" "નમજાના" કહ્યાગરા અને કામગરા બનજો. સંયમમાં ક્યારેય પ્રમાદ ન કરશો. મહાવ્રતના પાલનમાં તત્પર રહેજો. સૌ પ્રત્યે વાત્સલ્યતા દાખવજો. ગૃહસ્થના પરિચયથી દૂર રહેજો. આ વાતો પોતાના આશ્રિતોને માત્ર વાણીથી જ નહિ પણ

સ્વયં જીવનમાં આચરી બતાવી...રાત્રે બે ત્રણ વાગે ઉઠી જવાનું, બેસી જવાનું ગણુવા. બધુંજ કંઠસ્થ, ચોપડીની જરૂર નહિ. દરરોજ ઋષિમંડળ આદિ સ્તોત્રો, નવસ્મરણ, ચઉશરણ, આઉર પચ્ચકખાણ, વીતરાગસ્તોત્રાદિ ગણ્યા વિના પચ્ચક્ખાણ પણ પારવાનું નહિ. તેમજ દરરોજ પુન્યપ્રકાશનું સ્તવન, ગૌતમ સ્વામીનો રાસ, પદ્માવતી આરાધના, શત્રુંજયનો સલોકો વિ. આખો દિવસ ગણવાનું–વાંચવાનું ચાલતું.

જીવનના છેલ્લા દિવસે પણ એમાં ત્રુટિ નહી...રસનેન્દ્રિયના વિજેતા ગુરૂદેવ...મનગમતા ભોજનમાં મોહ નહિ. અણગમતામાં રોષ નહિ...નિર્દોષ ગોચરીના અત્યંત આગ્રહી હતા. તપ અને ત્યાગનો પ્રેમ તો જાણે લોહીના કણેકણમાં વસી ગયો હતો. જીવન દરમ્યાન માસક્ષમણ, સિદ્ધિતપ, વર્ષીતપ, કર્મસુદનતપ, કલ્યાણકતપ. વીશસ્થાનકતપ, વર્ધમાનતપ તેમજ નવપદજીની ઓળી આદિ અનેક નાનામોટા તપ કરેલા. અરે ૭૫ વર્ષની બુઝર્ગ વયે પણ બારતિથિ આયંબિલ ચાલુ હતા. એટલું જ નહિ નાના નાના સાધ્વીઓના નાના પણ તપની ભારોભાર અનુમોદના કરતા, ઝુકી જતા, માતૃવત્ વાત્સલ્યના ધોધમાં સ્નાન કરાવતા. ભીંતનો ટેકો દઈને બેસવાની તો વાત જ નહિ તેમજ કામવગર પાંચ મિનિટ પણ બેસી રહેવાની વાત નહીં.

અંતિમ દિવસે સવારે સ્થંભણ પાર્શ્વનાથના દર્શન કર્યા. ક્રમમુજબ અનંતનાથના દેરાસરે પ્રદક્ષિણા ફર્યા. પ્રદક્ષિણા ફરવાની ક્યારેય રહે નહિ.

સાંજે નિત્યક્રમ મુજબ શ્રી મુનિસુવ્રતસ્વામીના દેરાસરે દર્શન કર્યા. ચૈત્યવંદન કર્યું. પછી સમુદાય સાથે લગભગ પોણો કલાક સુધી ૫૦ થી ૫૫ સ્તુતિ બોલ્યા. સમય થવાથી

સહવર્તિ સાધ્વીજીઓએ ઉપાશ્રયમાં જવા જણાવ્યું. પણ જાણે આજે એમને ઉઠવાનું મન જ થતું ન હતું. ભાવિની ભેદરેખા કોણ જાણી શકે. કોને ખબર હતી કે આ છેલ્લું પ્રભુદર્શન હશે. પ્રભુસ્તુતિ કરી બહાર નીકળ્યા પણ ભગવાનની સામું પાછું વાળીવાળીને જોવા લાગ્યા. કહે કે બધા મળશે પણ ભગવાન ક્યારે મળશે. ઉપાશ્રયે આવી માંડલી પ્રતિક્રમણ કર્યું પ્રતિક્રમણ બાદ માનસિક તીર્થ યાત્રા, બાર ભાવના.

**નિર્વાણ પદ મચ્ચેકું** શ્લોક વિ.નું ચિંતન કર્યું. સંથારાપોરિસી ભણાવી. દશ વાગ્યા પછી સંથાર્યા. અગ્યાર વાગે ઉઠયા, લઘુશંકા ટાળી, જરા ગભરામણ હતી. પણ આ જીવનનો છેલ્લો શ્વાસ છે એમ કોણ કળી શકે. પોણાબારે પાછા ઉઠયા. લઘુશંકા ટાળી, ગભરામણ વધી. શ્વાસ ઉપડયો સહવર્તી સર્વે ઉઠી ગયા. નવકારની ધુન શરૂ કરી. ડૉ. તથા તેમના સંસારી ભાઈને બોલાવવા પૂછયું તો સદાના નિર્લેપ ગુરૂદેવે જવાબ આપ્યો. મારે કોઈની જરૂર નથી. ઘડિયાળમાં બારના ડંકા સાંભળ્યા. પોતે બધાને કહે, બાર નવકાર ગણો, પોતે પણ ગણ્યા. માથાનો દુખાવો વધ્યો. માથે કપડું બંધાવ્યું. કહે સૂઈ જવું—અને સૂઈ ગયા સદાને માટે સૂઈ ગયા. પ્રાણ પંખેરૂ ઉડી ગયું...પીંજર પડી રહ્યું...(સં. ૨૦૪૫ કા. શુ. ૧૩ રાત્રે ૧૨–૨૦) જીંદગીની સાધનાના સારરૂપ પંડિત મરણ દ્વારા આત્મકલ્યાણ સાધી ગયા. પૂજ્યશ્રી ૬૦ વર્ષનો દીક્ષા પર્યાય પાળી વિનશ્વર કાયાથી શાશ્વત એવા સંયમ ધર્મની કમાણી કરી ગયા.

સદ્ગુણોથી સૌને રંજીત કરી ગયા...વાત્સલ્યભાવ... ઔદાર્ય...ગાંભીર્યાદિ ત્રિવેણી સંગમ દ્વારા આશ્રિતોના જીવન મંદિરને શોભાવી ગયા...પોતાની પાછળ ત્યાગી વૈરાગી સંયમી

સાધ્વીગણુ મૂકી પ્રભુ શાસનની અપૂર્વ સેવા કરી ગયા. આત્મ કલ્યાણનું સોનેરી પ્રભાત પ્રગટાવી ગયા. સંસાર સાગરમાં ઝોલા ખાતા અનેકના જીવન સુકાન સંભાળીને સાચા સુકાની બની ગયા. આવા ગુરૂદેવનો અચાનક વિરહ પડવાથી અમારૂં શિરછત્ર ઝુંટવાઈ ગયું. હૃદયનું પરમ વિશ્રામ સ્થાન વિરામ પામી ગયું. ઘેઘુર વડલા જેવા ગુરૂદેવના છાયાની શીતલતા વિલીન થઈ ગઈ.

જોકે ઔદારિક દેહે પૂજ્યશ્રી ભલે અમને સૌને છોડી ચાલ્યા ગયા પરંતુ તેમને સુવર્ણ કીર્તિ દેહ તો આજે પણ મોજુદ છે. તેમના ગુણોરૂપી સુવાસને રોજ યાદ કરી તેમના ઉજ્જવળ જીવનને અનુસરવાની શક્તિ મળે એજ અભિલાષા.

જન્મ પામી જેને કુળ અજવાળ્યું...દીક્ષા લઈ ગુરૂનું ગૌરવ વધાર્યું. દીક્ષાના પાલનથી શાસન અને સમુદાયને દીપાવ્યું

દીક્ષાના દાનથી શિષ્યા પ્રશિષ્યાઓને ધન્ય બનાવ્યા એવા ગુરૂદેવનો આત્મા જે અમર લોકમાં બિરાજતો હોય ત્યાંથી પ્રભુના પાવન શરણુનો યોગ પ્રાપ્ત કરી શેષ અવશેષ કર્મને ખપાવી શીઘ્રાતિશીઘ્ર પરમ પદને પ્રાપ્ત કરે એજ.

શાસન દેવને પ્રાર્થના

જીવન સાફલ્ય અને મૃત્યુ માંગલ્યનાં સાધક ગુરૂદેવ આપને એકજ અંતરની આરઝુ છે. અમારા સંયમી જીવનમાં ક્યારેય કષ્ટ આવે તો આફતમાં અકળાંમણુ ન થાય.

પરિષહોમાં પ્રસન્નતા ચાલી ન જાય. સંકટમાં સાહસિકતા ખૂટે નહિં. અને હૃદયના સિંહાસનમાં આપનું સ્થાન સદૈવ રહે એટલી આપની કૃપા દ્રષ્ટિ રહે એજ ભવ્ય ભાવના.

લિ. પ. પૂ. પ્રવર્તિની શ્રી રંજનશ્રીજી મ. સા. ના

શિષ્યા પ્રશિષ્યાની વંદનાવલી

# પ્રાત સવારે


## જાપ કરવાની ભાવના નં. ૧

(૧) સૂર્યોદય પહેલાં ૪ ઘડી જાગી–ઉઠીને આઠ કર્મોના ક્ષય માટે આઠ નવકારનો જાપ કરો. સામાયિક–પ્રતિક્રમણ કરવું. ૧૪ નિયમ ધારવા.

(૨) જાગો. ઉઠો. આઠ કર્મોના ક્ષય માટે આઠ નવકારનો જાપ કરો, અરિહંત ભગવાન, આદીશ્વર ભગવાન, ૨૪ મા મહાવીર સ્વામી ભગવાનની જય, દાદાને જે જે કરો, બે હથેળીઓ ભેગી કરો, સિદ્ધ શિલા દેખાશે. જુઓ ત્યાં અનંતા સિદ્ધોને નમસ્કાર કરો. ઉપર ૪×૨=૮ આંગળા ૮×૩=૨૪ વેઢાં. ભગવાનના નામો ગણો. ૯૬ ભગવાનના નામો અને ૧૦૨૪ ભગવાનના નામો જાણો. દીવો કરો, ધૂપ કરો, વાસક્ષેપથી પૂજા કરો.

## श्लोक नं. १

## २४ भगवान अने सिद्ध शिला



# જાપ કરવાની ભાવના નં. ૧/૧

## (૩) પંચસૂત્ર પહેલાં સૂત્રની ભાવના ભાવો :

સવાર–બપોર–સાંજ

(૧) જીવ અનાદિનો છે.

(૨) જીવનો સંસાર અનાદિનો છે.

(૩) તે સંસાર અનાદિ કાલિન કર્મ સંયોગથી બનેલો છે.

(૪) તે સંસાર દુઃખમય છે.

(૫) તે સંસાર દુઃખના ફળવાળો છે.

(૬) તે સંસાર દુઃખની પરંપરાવાળો છે.

(૭) તે સંસારનો નાશ શુદ્ધ ધર્મની પ્રાપ્તિથી થાય.
શુદ્ધ ધર્મ–સમ્યગ્ દર્શન, જ્ઞાન, ચારિત્ર

(૮) શુદ્ધ ધર્મની પ્રાપ્તિ પાપકર્મના નાશથી થાય.

(૯) પાપકર્મનો નાશ તથા ભવ્યત્વના પરિપાકથી થાય.

(૧૦) તથા ભવ્યત્વ પરિપાક કરવાના ૩ સાધનો :–

(૧) ચાર શરણનો સ્વીકાર,

(૨) પોતાના દુષ્કૃત્યોની નિંદા,

(૩) પોતાના અને સર્વેના સુકૃત્યોની અનુમોદના અને યથાશક્તિ આચરણ, આ ત્રણેનું સંકલિષ્ટ અવસ્થામાં વારંવાર અને ચાલુ અવસ્થામાં રોજ ત્રિકાળ–સવાર–બપોર–સાંજ–સ્મરણ કરવું જોઈએ.

**અવલંબન લેવું જોઈએ. આ ત્રણે વસ્તુ નવકાર મંત્રમાં આવી જાય છે. માટે તેનો જાપ કરવો જોઈએ. નવકાર જાપ પૂર્વેની મંગલભાવના (ભાવો) ભાવવી જોઈએ.**

**(૪) મંગલ ભાવના :– (સવાર–બપોર–સાંજ–રાત્રે)**

શિવમસ્તુ સર્વજગતઃ પરહિતનિરતા ભવંતુ ભૂતગણાઃ
દોષાઃ પ્રયાંતુ નાશં, સર્વત્ર સુખી ભવતુ લોકઃ (૩ વખત)
બધા વિશ્વનું થાવ કલ્યાણ આજે; બનો સજ્જ સહુ પારકા
હિત કાજે, બધા દૂષણો સર્વથા નાશ પામો
જનો સર્વ રીતે સુખો માંહી જામો.

ખામેમિ સવ્વ જીવે, સવ્વે જીવા ખમંતુ મે;
મિત્તિ મે સવ્વભૂએસુ, વૈરં મજઝં ન કેણઈ
ખમાવું બધા જીવને આજ પ્રીતે, ખમો તે બધા મુજને સર્વ
રીતે; બધા જીવમાં મિત્રતાને પ્રસારૂં, નથી કોઈ સાથે હવે
વેર મારૂં.

ચત્તારિ મંગલં, અરિહંતા મંગલં, સિદ્ધા મંગલં,
સાહૂ મંગલં, કેવલિપન્નત્તો ધમ્મો મંગલં;
ચત્તારિ લોગુત્તમા, અરિહંતા લોગુત્તમા, સિદ્ધા લોગુત્તમા,
સાહૂ લોગુત્તમા, કેવલિપન્નત્તો ધમ્મો લોગુત્તમો.
ચત્તારિ સરણં પવજ્જામિ, અરિહંતે સરણં પવજ્જામિ,
સિદ્ધે સરણં પવજ્જામિ, સાહૂ સરણં પવજ્જામિ,
કેવલિપન્નત્તં ધમ્મં સરણં પવજ્જામિ.

૧ સરણં મુવગઓ એએસિં ગરિહામિ દુક્કડં.
૨ સંવિગ્ગો જહાસએત્તિ સેવેમિ સુક્કડં
૩ અનુમોએમિ સવ્વાઈ સુક્કડાઈ
૪ સવિ જીવ કરૂં શાસન રસી

(૧) નવકારને ભાવ આપો
(૨) નવકારને સ્થાન આપો સામે શં. પા. ના હૃદયમાં–
(૩) ,, તન–મન–ધન આપો
(૪) ,, મન–વચન–કાયા આપો
(૫) ,, નું ચિંતન–મનન–ધ્યાન કરો
(૬) ધ્યાન કરવા માટે મનન કરવું પડે
(૭) મનન કરવા માટે ચિંતન કરવું પડે
(૮) ચિંતન કરવા માટે ભણવું પડે
(૯) ભણવા માટે લખવું પડે

સામે શં. પા. ના હૃદયમાં નવકારને સ્થાન આપ્યું છે, ત્યાં જોઈ વાંચીને એક નવકાર શુદ્ધ સ્પષ્ટ, સુંદર રીતે બોલવો. સમય પ્રમાણેની સંખ્યામાં નવકાર (ગણવા) જાપ.

(૨) બપોરે :– જમતાં પહેલાં પા–૧૨ ઉપરની પંચસૂત્રની ભાવના અને પા–૧૩ ઉપરની મંગલ ભાવના બોલી–ભાવી નવકાર ગણવા.

(૩) સાંજે :– જમતાં પહેલાં પા–૧૨ ઉપરની પંચ સૂત્રની ભાવના અને પા–૧૩ ઉપરની મંગલ ભાવના બોલી-ભાવી નવકાર ગણવા. જમીને ૧૪ નિયમ ધારવા. આરતી ઉતારવા દહેરાસરે જવું. પ્રતિક્રમણ કરવા ઉપાશ્રયે જવું ગુરૂવંદન કરી પચ્ચક્ખાણ કરવું. પ્રતિક્રમણ કરવું.

(૩) રાત્રે :– સુતા પહેલા પા–૧૩ ઉપરની મંગલ ભાવના ભાવી, નવકાર ગણવા ૨૪ ભગવાનના નામ

(૨) સૂતી વખતે :- સાગારિઅનશન :-

સંથારા પોરિસિની ૪ થી બધી ગાથા અથવા=આહાર શરીરને ઉપધિ, પચ્ચક્ખું પાપ અઢાર, મરણ આવે તો વોસિરે, જીવું તો આગાર, બોલી સાત ભયોના નાશ માટે સાત નવકાર ગણવા.

રોજ ઓછામાં ઓછી એક બાધી નવકારવાળી (૧૦૮ નવકાર છુટા છુટા પણ) ગણવાનો સંકલ્પ કરવો (બાધા લેવી, ટેવ પાડવી) નવ લાખ પૂરા ન થાય ત્યાં સુધી કોઈ પણ વસ્તુનો ત્યાગ કરવો.

રોજ (૧) પ્રાર્થના (૨) પા-૧૩ થી ૧૪

(૩) નવકાર સંભળાવવો-બોલાવવો-વંચાવવો.

(૪) ભગવાનના નામથી સંખ્યા ગણવી.

---

નં. ૧ ઉપધાન કરવા પૂર્વક નવકાર શીખવો જોઈએ.

ધાર્મિક જ્ઞાન વિરતિમાં લેવું અને વિરતિમાં આપવું.

નવકારનું બીજુ. નામ : શ્રી પંચમંગલ મહાશ્રુતસ્કંધ

---

નં. ૨ નવકાર બોલીને શુદ્ધ કરો, નવકાર વાંચીને શુદ્ધ કરો. નવકાર સારી રીતે બોલતાં-વાંચતાં શીખવું જોઈએ. નવકાર, સ્પષ્ટ ઉચ્ચાર, સુંદર સ્વર, બીજા સાંભળી શકે. સાંભળવું ગમે, તે (૧) ભાષ્ય જાપ કહેવાય. નવરા પડો નવકાર ગણો. ભાષ્ય જાપ કથા :- (૧) બીજોરૂં (૨) સીલોનની રાજકુમારી

નવકાર જાપ કરતાં પહેલાં તેને ભાવ આપો જાપ કરવાની ભાવના નં. ૨

———*———

વિશ્વ શાંતિ થાઓ, વિશ્વનું કલ્યાણ થાઓ
સર્વ જીવો સુખી થાઓ. સર્વ જીવો મોક્ષ પામો
એ ભાવના પૂર્વક નવકાર ગણવા.

———*———

## નં. ૩

## લેખન

નવકાર મંત્ર લખીને શુદ્ધ કરો.
રોજ ઓછામાં ઓછો એક નવકાર લખો.
ગુજરાતી કે ગમે તે લીપીમાં.

———*———

## નં. ૪

## (૧) જાપ કરતી વખતે

(૧) કાળી સ્લેટ ઉપર સફેદ ચાકથી અક્ષરો લખી નજર સામે રાખો. જાપ કરો.

**અથવા**

સફેદ અક્ષરવાળું (રંગીન) કાળુ કાર્ડ નજર સામે રાખો. જાપ કરો.

(૨)

આંખો મીંચીને અક્ષરો જુઓ, વાંચો. જાપ કરો.

(૩)

સ્લેટ અથવા કાર્ડ વગર અક્ષરો આંખો મીંચીને જુઓ, વાંચો. જાપ કરો.

---

## નં. ૫

### બીજા ત્રણ જાપ

(૧) ઉપાંશું જાપ– જીભ હાલે, હોઠ હાલે પણ બીજા સાંભળી શકે નહિ.

(૨) માનસ જાપ– જીભ હાલે નહિ, હોઠ હાલે નહિ. દાંત અડે નહિ. કથા ૧. શ્રીમતી ૨. શિવકુમાર

(૩) અજપા જાપ– કોઈપણ જાતના પ્રયત્ન વગર જે ચાલુ રહે. કથા ૧. રાજા શ્રેણિક ૨. અર્જુન

## શ્રી નવકારમંત્ર

નમો અરિહંતાણં.
નમો સિદ્ધાણં.
નમો આયરિયાણં.
નમો ઉવજ્ઝાયાણં.
નમો લોએ સવ્વ-સાહૂણં.
એસો પંચ-નમુક્કારો,
સવ્વ-પાવ-પ્પણાસણો;
મંગલાણં ચ સવ્વેસિં,
પઢમં હવઈ મંગલં.


નવકાર જાપ કરતાં પહેલાં તેને ભાવ આપો.

### જાપ કરવાની ભાવના નં. ૩

રોજે "શિવમસ્તુ સર્વ જગતઃ"ની (ગાથા ત્રણ વાર બોલી) ભાવનાપૂર્વક સવારે ૬ વાગે, બપોરે ૧૨ વાગે, સાંજે ૬ વાગે અને રાત્રે ૯ વાગે ૧૨-૧૨ નવકાર ગણો.

શ્લોક નં. ૩

## ભગવાનના હૃદયમાં નવકાર સ્થાપીને જાપ કરો.





**ૐ નવકારને નમસ્કાર ૐ**

નવકાર ગણવાની યોજના

જીવનમાં શાંતિ, મરતાં સમાધિ; બીજા ભવમાં સુગતિ અને પરંપરાએ મોક્ષ જોઈએ છે? આવો રસ્તો બતાવું.

 શ્લોક નં. ૪





નવકારનું કાર્ડ આપણા હૃદયમાં સ્થાપીને

અથવા


હૃદય રૂપી સ્લેટ ઉપર ધ્યાન રૂપી કલમ વડે લખીને. જાપ કરો.

પ્રભુના મુખ ઉપર નવકારનો જાપ કરો. બ્લોક નં. ૫



રોજ "શિવમસ્તુ સર્વ જગતઃ" ની ગાથા ત્રણ વાર બોલી) ભાવનાપૂર્વક સવારે ૬ વાગે, બપોરે ૧૨ વાગે, સાંજે ૬ વાગે અને રાત્રે ૯ વાગે ૧૨–૧૨ નવકાર ગણો. અથવા આખા દિવસમાં રોજ ૧૨ નવકાર ગણો.

| | |
|---|---|
| ૧૨ નવકાર ગણો. | ૧૨ લાખ નવકારનો લાભ મેળવો |
| ૪૮ નવકાર ગણો. | ૪૮ લાખ નવકારનો લાભ મેળવો |
| ૧૦૮ નવકાર ગણો. | ૧ ક્રોડ ૮ લાખ નવકારનો લાભ મેળવો |




આવા એક લાખ ભાગ્યવાનો રોજ ઉપર મુજબ નવકાર ગણે તો ઉપરનો લાભ થાય, કારણકે તેઓને ખબર છે કે બીજા લાખ ભાગ્યવાનો આ પ્રકારે નવકાર ગણે છે, તેની હું અનુમોદના કરૂં છું.

ચાલો જલ્દી કરો. વહેલો તે પહેલો, રખે રહી જતાં.

| | | | | |
|---|---|---|---|---|
| ૧ અક્ષરના | જાપથી | ૭ | સાગરોપમ | ના પાપો નાશ પામે છે. |
| ૧ પદના | જાપથી | ૫૦ | ,, | |
| ૧ નવકારના | જાપથી | ૫૦૦ | ,, | |
| ૧૦૮ ,, | ,, | ૫૪૦૦૦ | ,, | |

પ્રભુના હરેક અંગે એક નવકાર એમ બાર અંગે બાર નવકારનો જાપ કરો. શ્લોક નં. ૭





ઉદારતા ભર્યા સહકારની અપેક્ષા રૂા. ૧૧/– થી ૧૦૧/–


અલીંગ રસ્તા,<br>
મહાવીર માર્ગ<br>
ખંભાત–૩૮૮૬૨૦.


લિ.<br>
શ્રી નવકાર આરાધના ભવન<br>
રમણલાલ ભોગીલાલ પરીખ

## श्लोक न. ८

## ३ नवकार–बे पूजा–ध्यान



કમલમાં નવકાર સ્થાપીને જોઈને વાંચીને જાપ કરો





મા કર્ષિત્ કોપિ પાપાનિ, મા ચ ભૂત્કોપિ દુખિતઃ,
મુચ્યતાં જગદપ્યેષાં, મતિર્મૈંત્રી નિગદ્યતે.

જગતનો કોઈ જીવ પાપ ન કરો, કોઈ દુઃખી ન હો અને સર્વની મુક્તિ થાઓ. એવી બુદ્ધિને મૈત્રી કહેવાય છે.


ब्लोक नं. १०

## ભગવાનના હૃદય કમલમાં નવકાર સ્થાપીને જોઈને વાંચીને નવકાર જાપ કરો.





સૂચના :– જ્યારે આ પત્રિકા નવા વર્ષમાં મોકલવામાં આવે ત્યારે "મિચ્છા મિ દુક્કડં" નો કાગળ કાઢી લેવો.

આપણા હૃદય કમલમાં નવકાર સ્થાપીને
વાંચીને જાપ કરો.




સૂચના :– જ્યારે આ પુસ્તિકા પર્યુષણમાં મોકલવામાં આવે ત્યારે "નૂતન વર્ષાભિનંદન" નો કાગળ કાઢી લેવો.





૧૦૮ નવકાર (ગણવા) જાપ કરવા માટે
જમણા હાથે ૪ આંગળા × ૩ વેઢાં = ૧૨
ડાબા હાથે ૩ આંગળા × ૩ વેઢાં = ૯
૧૨ × ૯ = ૧૦૮ નવકારવાળીની જરૂર ન પડે.

## श्लोक नं. १३

## उघाडी आँखे नंद्यावर्त शंखावर्त

## १२ × ९ = १०८




### ૧૨ નવકાર શા માટે ?

(૧) અરિહંત ભગવાનના ૧૨ ગુણો છે.

(૨) ત્રણ પ્રદક્ષિણામાં ૧૨ નવકાર થાય છે.

(૩) છુટી નવકારવાળી ગણીએ ત્યારે ૧૨ નવકાર થાય છે. માટે

| પા. ૨૯ કમલમાં નવકાર ૯ | | | | પા. ૨૩ | પા. ૨૨ | પા ૨૯ |
|---|---|---|---|---|---|---|
| અ.નં. | પદ | સ્થાન | વર્ણ | પ્રભુના નવ અંગે નવકાર | પ્રભુના મુખ ઉપર | ગુણો |
| ૧ | નમો અરિહંતાણું | વચ્ચે | સફેદ | જમણા ડાબા પગના અંગુઠે | નાસિક | ૧૨ |
| ૨ | નમો સિદ્ધાણું | ઉત્તર | લાલ | જમણા ડાબા પગના ઢીંચણે | તિલક | ૮ |
| ૩ | નમો આયરિયાણું | પૂર્વ | પીળો | જમણા ડાબા હાથના કાંડે | જમણી ચક્ષુ | ૩૬ |
| ૪ | નમો ઉવજ્ઝાયાણું | દક્ષિણ | લીલો | જમણા ડાબા ખભે | મુખ | ૨૫ |
| ૫ | નમો લોએ સવ્વસાહૂણં | પશ્ચિમ | કાળો | શીખાએ | ડાબી ચક્ષુ | ૨૭ ૧૦૮ |
| ૬ | એસો પંચનમુક્કારો | ખૂણામાં | લાલપીળો | તિલકે (કપાળ) | જમણી પાંપણ | — |
| ૭ | સવ્વપાવપ્પણાસણો | ,, | પીળો લીલો | ગળે | જમણો ગાલ | — |
| ૮ | મંગલાણં ચ સવ્વેસિં | ,, | લીલોકાળો | હૃદયે | ડાબો ગાલ | — |
| ૯ | પઢમં હવઈ મંગલં | ,, | કાળોલાલ | નાભિએ | ડાબી પાંપણ | — |



આ ભાઈના હાથમાં ગુલાબ/કમળનું ફુલ છે. તે એક નવકાર
ગણી ભગવાનના જમણા પગના અંગુઠે ચઢાવે છે. એમ
તેમની પાસે રકાબીમાં ૧૨ ફુલ છે. દરેક ફુલે એક
નવકાર ગણી ભગવાનને ૧૨ અંગે ચઢાવે છે.
તમો પણ આં પ્રયોગ કરો, બહુ આનંદ—મઝા આવશે.
આ મઝા તમારે લુંટવી છે ?
ચાલો ચાલુ કરો.
આ મઝા તમારે લુંટવી જ જોઈએ.

# નવકાર ભાવના નં. ૫

નવકારમંત્ર ૧૪ પૂર્વનો સાર છે. સુખમાં દુઃખમાં દિવસે–રાત્રે, જીવતાં–મરતાં; રાજા–રંક, જોગી–ભોગી, દેવો દાનવો વિગેરે તેનું સ્મરણ કરે છે, એના ૬૮ અક્ષર છે. અડસઠ તીર્થની યાત્રાનું ફળ મળે છે. આઠ સંપદા, આઠ સિદ્ધિ અને નવપદ નવનિધિ આપે છે. હૃદયમાં સ્થાપીને ધ્યાન ધરે તો પરમાતમ પદ આપે. આઠ સિદ્ધિ, નવનિધિ મળી, જેણે એ રાખી તે નરકે ગયા. જેણે ત્યાગી તે સ્વર્ગે કે મોક્ષે ગયા. નથી મળી પણ માંગી–મળી, રાખી તે નરકે ગયા. નરકના મહાદુઃખ પામ્યા. એ દુઃખ કેવી રીતે સહન થાય ? તો શું કરવું ? મળી છે, તો રાખવા લાયક નથી; ત્યાગવા લાયક છે. નથી મળી, તો માંગવા લાયક નથી. માંગવા લાયક તો માત્ર મોક્ષજ છે. મોક્ષ જ માંગો.

| | | |
|---|---|---|
| એક અક્ષરના જાપથી | ૭ સાગરોપમ | ના પાપો નાશ પામે છે. |
| એક પદના જાપથી | ૫૦ ,, | |
| આખા નવકારના જાપથી | ૫૦૦ ,, | |
| બાંધી નવકારવાળીથી | ૫૪૦૦૦ ,, | |

પ્રત્યેક અક્ષર ઉપર ૧૦૦૮ વિદ્યાદેવીઓ રહેલી છે.

— ✽ —

# નવકાર ભાવના નં. ૬

નવકારના નવ પદ છે, આઠ સંપદા છે, અડસઠ અક્ષર છે. ૬૧ લઘુ અક્ષર છે. ૭ ગુરૂ અક્ષર છે. નવકારમાં

પંચ પરમેષ્ઠી છે. અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એ પંચ પરમેષ્ઠિને કરેલા નમસ્કાર સર્વ પાપોનો નાશ કરે છે. આ નમસ્કાર મહામંત્ર સર્વ માંગલિકોમાં પહેલું મંગલ છે; મેં પંચ પરમેષ્ઠિને નમસ્કાર કર્યો તેથી મારા સર્વ પાપો નાશ પામ્યા છે અને મને સર્વ મંગલોની પ્રાપ્તિ થઈ છે. મેં નમસ્કાર મહામંત્રનો જાપ કર્યો તેથી મેં ચાર શરણનો સ્વીકાર કર્યો છે. મારા સર્વે દુષ્કૃત્યોની નિંદા કરી છે અને મારા તેમજ સર્વેના સુકૃત્યોની અનુમોદના કરી છે અને શક્તિ મુજબ તેની આરાધના કરૂં છું. આ રીતે તથા ભવ્યત્વ પકવવાના ત્રણ રસ્તાનું મેં સેવન કર્યું છે. તેથી મારૂં તથા-ભવ્યત્વ જલ્દી પાકશે અને હું જલ્દી મોક્ષ પામીશ. મારે જલ્દી મોક્ષે જવું છે. માટે હું રોજ મારાથી બને તેટલા વધુમાં વધુ નમસ્કાર મહામંત્રનો જાપ કરીશ.

નમસ્કાર મહામંત્રનું ધ્યાન બે રીતે થાય છે.

(૧) વ્યવહારથી કર્યું.

(૨) નિશ્ચયથી હવે.

### ભાવના નં. ૭

નિશ્ચયથી નવકાર અને આત્મા એકજ છે. અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ, દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ, નવપદમય, આત્મા, નવકાર નવપદ મય, માટે મારો આત્મા નવકાર મય.

## કેવી રીતે ?

પ્રથમના બે પદો આત્માનું શુદ્ધ સ્વરૂપ બતાવે છે. પછીના ૩ પદો આત્માના શુદ્ધ સ્વરૂપના સાધકો છે. પછીના ૨ પદોમાં

શુદ્ધ સ્વરૂપની સાધનાનો જે માર્ગ, સંવર-નિર્જરા તે બતાવ્યો છે. છેલ્લા બે પદો, અનંતા આત્માઓએ આ આરાધના કરીને પોતાનું શુદ્ધ સ્વરૂપ પ્રગટ કર્યું છે તે બતાવે છે. હું પણ તેજ રીતે મારા આત્માનું શુદ્ધ સ્વરૂપ પ્રગટ કરીશ.

(૧) નવકારવાળી ગણવાની રીતો

(૧) અંગુઠા ઉપર રાખીને ગમે તે આંગળીથી

(૨) ચાર આંગળા ઉપર રાખીને અંગુઠા વડે

(૨) નવકારવાળી :

સફેદ, સુતર, રેશમ, સુખડ, ચાંદી, સ્ફટીકની.

## ભાવના-૮

(૧) સકલવિશ્વમાં (શ્રી ચતુર્વિધ શ્રી સંઘમાં) નવકારની આરાધના (ક્રિયા) અભ્યાસ (જ્ઞાન) ખૂબ વધો ખૂબ વધો.

(૨) ક્યારે એવો ધન્ય દિવસ આવશે કે જ્યારે સર્વ જીવોને સુખના સ્વામી બનેલા હું જોઈશ.

(૩) હે ! ભગવાન એક એવો ખાડો બતાવો કે જેમાં સર્વ જીવોના સર્વ દુઃખોને હું નાખી દઉં જેથી સર્વ જીવો સર્વ રીતે સુખી થાય.

(૪) સર્વ જીવો જલ્દી નવકાર પામી જલ્દી મોક્ષ પામો.

(૫) વિશ્વ શાંતિ થાઓ. વિશ્વનું કલ્યાણ થાઓ. સર્વે જીવો સુખી થાઓ સર્વે જીવો મોક્ષ પામો.

( પ્રેસ ભૂલો સુધારીને વાંચવું. )

## : સુચના :

૧. આ સાથે પાછળના પાને પ્રતિજ્ઞાપત્ર ૫ વ્યક્તિઓનાં નામ નોંધી શકાય તેવું છે.

૨. તેમાં ૧૨, ૪૮, ૧૦૮ ના ત્રણ ખાના છે. જેણે જેણે જે જે સંખ્યાનો નમસ્કાર મહામંત્રનો જાપ કરવો હોય, તે ખાનામાં તે સંખ્યા લખો.

૩. ઠેકાણુંના ખાનામાં ઠેકાણું લખો.

૪. નામના ખાનામાં નામ લખો.

૫. આ પ્રતિજ્ઞાપત્ર લખેલા સરનામે મોકલવું.

૬. આ પત્રિકા વાંચતાં નમસ્કાર મહામંત્રના જાપનો હેતુ, તેનું ફળ વિગેરે તમો જાણી શકશો તેથી જાપ કરવાનો તમોને ઉત્સાહ આવશે.

૭. તેમાં તમે જે સંખ્યાનો જાપ નક્કી કરેલ હોય તે નીશાની કરી લો.

૮. અમારા આ પ્રયત્નમાં આપનો સાથ અને સહકાર ઈચ્છીએ છીએ, તન, મન, ધનનો.

# શ્રી નમસ્કાર મહામંત્રના પરમ આરાધક

આપનો પત્ર મળ્યો. આપને નમસ્કાર મહામંત્રના જાપ અને ધ્યાન ઉપર ઘણો રાગ છે. તે જાણી ઘણો આનંદ થયો.

આથી હું આપની પાસેથી નીચેની વિગત જાણવા ઈચ્છું છું. તેથી મને મારી આરાધનામાં વેગ પ્રાપ્ત થશે :—

(૧) આપની ઉંમર

(૨) કેટલા વર્ષથી નવકાર ગણો છો ?

(૩) કેટલા નવકાર ગણ્યા ?

(૪) નવકાર ગણતી વખતે ક્યા વિચાર કરો છો—ક્યા વિચાર આવે છે ? લખી મોકલશો.

(૫) આપ જે ધર્મગુરૂથી ધર્મ પામ્યા હો, તેમનું નામ અને પરિચય લખશો.

(૬) નવકાર મંત્ર વિષે ક્યા ક્યા પુસ્તકો વાંચ્યા છે. ?

(૭) રોજ બે ટાઈમ પ્રતિક્રમણ, બે ચાર સામાયિક, ધ્યાન, પૂજાદિ નિયમો લખશો.

(૮) કથ્યાણ, સુઘોષાદિ વાંચતા હશો.

(૯) વિષયવિરાગ કષાયત્યાગ, ગુણાનુરાગ, ક્રિયાઓમાં અપ્રમત્તભાવ વિષે જાણો છો ?

(૧૦) ૪–ભાવના, ૧૨ ભાવના, વિષે જાણો છો ? ભાવના ભાવો છો ?

(૧૧) કયા કયા તીર્થોની યાત્રા કરી છે ? શું અનુભવો થયા ?

(૧૨) ગુરૂદેવોના વ્યાખ્યાનો ઉતાર્યા છે ? ફરી વાંચ્યા છે ?

ખંભાત-શ્રી સ્થંભન પાર્શ્વનાથજીની યાત્રાએ પધારો, ત્યારે જરૂરથી મલશો. નવકાર વિષે ઘણું ઘણું વિચારીશું. આ સાથે ચિત્રો દોરવા માટે જરૂરી ફરમા મોકલ્યા છે.

બ્લૉક નં. ૧૧૫

श्री नमस्कार महामंत्र

नमो अरिहंताणं
नमो सिद्धाणं
नमो आयरियाणं
नमो उवज्झायाणं
नमो लोए सव्वसाहूणं
एसो पंचनमुक्कारो,
सव्वपावप्पणासणो।
मंगलाणं च सव्वेसिं
पढमं हवइ मंगलं॥

# પ્રતિજ્ઞા પત્ર

ૐ નવકારને નમસ્કાર ૐ

શ્રી અરિહંતાદિની સાક્ષીએ એક નવકાર મંત્રનો જાપ કરવાની હું પ્રતિજ્ઞા કરૂં છું.
અથવા ( ૧૨–૪૮–૧૦૮ જે ઇચ્છા થાય. તે લખો. ) ગણવાનો સંકલ્પ કરૂં છું.

તિથિ

સૂચના :–
આ પ્રતિજ્ઞા પત્રમાં પોતાનું નામ લખી પોતાની ઈચ્છા મુજબની સંખ્યા તે તે ખાનામાં લખવી.

| | ૧૨ | ૪૮ | ૧૦૮ | કોઠણુ | નામ |
|---|---|---|---|---|---|
| ૧ | | | | | |
| ૨ | | | | | |
| ૩ | | | | | |
| ૪ | | | | | |
| ૫ | | | | | |

# શ્રી પંચિંદિઅ સૂત્ર

પંચિંદિઅ સંવરણો
તહ નવવિહ બંભચેર ગુત્તિધરો
ચઉવિહ કસાય મુક્કો
ઇઅ અઠ્ઠારસ ગુણે હિં સંજુત્તો (૧)
પંચ મહવ્વય જુત્તો
પંચ વિહાયાર પાલણ સમથ્થો
પંચ સમિઓ તિગુત્તો
છત્તીસ ગુણો ગુરૂ મજ્ઝ (૨)

આ પુસ્તકને રખડતું મૂકી આશાતના કરવી નહીં.

જિનાજ્ઞા વિરૂદ્ધ લખાયું હોય તેનો મિચ્છા મિ દુક્કડં.

# ૐ હ્રૂઁ નમો અરિહંતાણું } દરેક પારે ત્રણ
## જાપ ભાવના }

સિદ્ધચક્રજીના નવપદ હૃદયકમલમાં રંગપૂર્વક (પા. ૨૪–ચિત્ર નં, ૧૭–૧૮) સ્થાપીને કમલની કર્ણિકામાં ૐ હ્રીં નમો અરિહંતાણું અને વર્તુલમાં વીસ સ્થાનક સ્થાપીને, (નામ માટે પાન ૨૬–ચિત્ર નં. ૨૦) ૐ માં પંચ પરમેષ્ઠી અને ૨૪ તીર્થંકરો અને હ્રીં માં પંચ પરમેષ્ઠી અને ૨૪ તીર્થંકરોને સાચા ભાવથી નમસ્કાર કરીને, સાચા ભાવથી તેમનું શરણુ સ્વીકારું છું.

ન :– નરેન્દ્રો, દેવેન્દ્રો, નાગેન્દ્રોથી જેને ભય નથી, નથી રાગદ્વેષ જેને; એવા અરિહંતોને સાચા ભાવથી નમસ્કાર કરૂં છું. સાચા ભાવથી તેમનું શરણુ સ્વીકારૂં છું.

મો :– મોહનો નાશ કરી, મોક્ષ પામ્યા છે એવા અરિહંતોને સાચા ભાવથી નમસ્કાર કરૂં છું અને સાચા ભાવે તેમનું શરણુ સ્વીકારૂં છું.

અ :– નથી જેને ફરીથી આ સંસારમા આવવાનું એવા અનંતા ગુણોવાળા અરિહંતોને સાચા ભાવથી નમસ્કાર કરૂં છું અને સાચા ભાવે તેમનું શરણુ સ્વીકારૂં છું.

રિ :- રહસ્ય જેનાથી કશું છાનું નથી, રથ-જેને કોઈ પરિગ્રહ નથી એવા અરિહંતોને સાચા ભાવથી નમસ્કાર કરું છું અને સાચા ભાવથી તેમનું શરણુ સ્વીકારૂં છું.

હં :- હાસ્ય=ભગવાનના હાસ્યમાં તમારૂં હાસ્ય મેળવી દો, તમો અનંતકાળ હસ્યાજ કરશો. હણી નાંખ્યા છે રાગ દ્વેષ જેણે, એવા અરિહંતોને સાચા ભાવે નમસ્કાર કરૂં છું. સાચા ભાવે તેમનું શરણુ સ્વીકારૂં છું.

તા :- તાય-ફાંસો-કર્મનો-કોણ તોડી શકે ? જેઓ અરિહંત ભગવંતોને સાચા ભાવે નમસ્કાર કરે છે અને સાચા ભાવે તેમનું શરણુ સ્વીકારે છે.

ણું :- ત્રણ રેખાવાળો ણુ ત્રણ લોકમાંથી ઉદ્ધરી, ત્રણ રત્ન આપી મોક્ષમાં પહોંચાડી દે છે. એવા અરિહંતોને સાચા ભાવે નમસ્કાર કરૂં છું અને સાચા ભાવે તેમનું શરણુ સ્વીકારું છું.

હૃદય કમળમાં કર્ણિકામાં સમવસરણમાં ત્રણ ગઢની મધ્યમાં સિંહાસને બિરાજમાન, અત્યંત શુભ્ર ત્રણ છત્રોવાળા, દેવેન્દ્રોથી સેવાતા અને દેદીપ્યમાન આઠ પ્રાતિહાર્યોવાળા, દેવાધિદેવને શ્વેત વર્ણે જુઓ. તેમનું ધ્યાન ધરો.

# અરિહંત જાપ ભાવના

અ. :– અનંતા ગુણો જેમનામાં છે. એવા કેવલિ ભગવંતો અનંતા ગુણો જેમનામાં છે. એવા તીર્થંકર ભગવંતોને ત્રણ પ્રદક્ષિણા દેવા રૂપ પૂજા કરે છે, એવા અરિહંત ભગવંતો, સર્વ જગતનું કલ્યાણ કરો. સર્વ જીવોને ઉપદ્રવ રહિત કરો. સર્વ જીવોને મોક્ષ આપો.

રિ. :– રિપુઓ–દુશ્મનો–ક્રોધ–માન–માયા, લોભ, રાગ દ્વેષ, હાસ્ય, રતિ, અરતિ ભય, શોક, દુગંછા–ત્રણવેદ વિગેરે એ જગતના જીવોને હરાવ્યા છે, દુઃખી કર્યા છે. એવા ભયંકર દુશ્મનોને પણ અરિહંત ભગવંતોએ કોઈનીય સહાય વગર એકલે હાથે હણ્યા છે. નાશ કર્યો છે. એવા અરિહંત ભગવંતો સર્વ જીવોને પરહિત ચિંતામાં રક્ત બનાવો. એટલે કે જગતમાં રહેલી પરના અહિતની જે ચિંતા તેનો નાશ કરો

હં :– હંસ શું કરે છે ? દૂધ પી જાય છે. અને પાણી રહેવા દે છે તેવી રીતે અરિહંત ભગવંતો ભવ્ય જીવોને પોતાને લાગેલો કર્મ સંબંધ; ખીર–નીર–જેવો; તેને તોડી ને મોક્ષમાં પહોંચાડી દે છે. એવા અરિહંત ભગવંતો સર્વે દોષોનો નાશ કરો. દોષો છે, તો જીવો તેને સેવે છે. અને દુઃખી થાય છે. અને જો દોષોજ ન હોય તો તેને સેવે નહિ. અને સુખી થાય. માટે શિવમસ્તુ સર્વ જગતઃ, સવિ જીવ કરું શાસનરસી અને સર્વ જીવો મોક્ષ પામો એ ભાવના– ઓના મહાસાગર અરિહંત ભગવંતો સર્વ દોષોનો નાશ કરો.

ત :– તર્યા છે. કોણ ? અરિહંત ભગવંતો.
ક્યાંથી ? સંસાર સાગરથી.
શું કરે છે? તારે છે. કોને ? ભવ્ય જીવોને.
ક્યાંથી ? સંસાર સાગરથી.
ક્યાં લઇ જાય છે ? મોક્ષમાં.
એવા અરિહંત ભગવંતો સર્વત્ર લોકને સુખી કરો.

| નં. | ગુણો | નામ | વર્ણ |
|---|---|---|---|
| ૧ | ૧૨ | અરિહંત | સફેદ |
| ૨ | ૮ | સિદ્ધ | લાલ |
| ૩ | ૩૬ | આચાર્ય | પીળો |
| ૪ | ૨૫ | ઉપાધ્યાય | લીલો |
| ૫ | ૨૭ | સાધુ | કાળો |
| ૬ | ૧૦૮ | | લાલ–પીળો |
| ૭ | | | પીળો–લીલો |
| ૮ | | | લીલો–કાળો |
| ૯ | | | કાળો–લાલ |

નવકારવાળીના ૧૦૮ મણકા હોય છે અને તે વડે પંચ પરમેષ્ઠીના ૧૦૮ ગુણો ગણવાના હોય છે.

# ધૂન

સિદ્ધગિરિ સ્વામિ આદિ જિણુંદ
કાપો હમારા ભવના ફંદ
દેવ હમારા શ્રી અરિહંત
ગુરૂ હમારા શ્રી નિર્ગ્રંથ

---

સૂતાં બેસતાં ઉઠતાં, જે સમરે અરિહંત
દુઃખીયનાં દુઃખ કાપશે, લહેશે સુખ અનંત
અરિહંત અરિહંત સમરતાં, લાધ્યું મુક્તિનું ધામ
જે નર અરિહંત સમરશે, તેના સરશે કામ

---

ઉપગારિ અરિહંત પ્રભુ, સિદ્ધ ભજો ભગવંત
અચારજ ઉવજઝાય તિમ, સાધુ સકલ ગુણવંત
દર્શન. જ્ઞાન, ચારિત્ર, તપ, નિશ્ચે ધર્મજ સાર
કેવલિભાષિત ધર્મ એ, ભવ દુઃખભંજન હાર
નમો અરિહંતાણું નમો સિદ્ધાણું વગેરે

## 卐 નમસ્કાર મહામંત્ર છંદ 卐

સમરો મંત્ર ભલો નવકાર, એ છે ચૌદ પૂરવનો સાર
એના મહિમાનો નહિ પાર, એનો અર્થ અનંત અપાર...સમરો
સુખમાં સમરો દુઃખમાં સમરો, સમરો દિવસને રાત
જીવતાં સમરો મરતાં સમરો, સમરો સૌ સંઘાત...સમરો
યોગી સમરે. ભોગી સમરે, સમરે રાજા રંક
દેવો સમરે, દાનવ સમરે. સમરે સૌ નિઃશંક...સમરો

અડસઠ અક્ષર એહના જાણો, અડસઠ તીરથ સાર,
આઠ સંપદાથી પરમાણો, અડ સિદ્ધિ દાતાર...સમરો
નવપદએ હના નવનિધિ આપે, ભવભવનાં દુઃખ કાપે,
ચંદ્ર વચનથી હૃદયે સ્થાપે, પરમાતમ પદ આપે.... સમરો
રચયિતા–સ્વ. પંડિત ચંદુલાલ નાનચંદ શાહ શિનોરવાળા

## ત્રણ પ્રદક્ષિણાના દુહા

(૧)

કાલ અનાદિ અનંતથી, ભવ ભ્રમણનો નહિ પાર;
તે ભ્રમણ નિવારવા પ્રદક્ષિણા દઉં ત્રણવાર
ભમતિમાં ભમતાં થકાં, ભવ ભાવઠ દૂર પલાય;
દર્શન જ્ઞાન ચારિત્રરૂપ, પ્રદક્ષિણા ત્રણ દેવાય.

(૨)

જન્મ મરણાદિ સવિ ભય ટળે, સીઝે જો, દરિસણ કાજ;
રત્ન ત્રય પ્રાપ્તિ ભણી, દર્શન કરો જિનરાજ;
જ્ઞાન વડું સંસારમાં, જ્ઞાન પરમ સુખ હેત;
જ્ઞાન વિના જગજીવડા, ન લહે તત્વ સંકેત.

(૩)

ચય તે સંચય કર્મનો, રિક્ત કરે વળી જેહ;
ચારિત્ર નામ નિર્યુક્તે કહ્યું, વંદો તે ગુણ ગેહ;
દર્શન, જ્ઞાન, ચારિત્ર એ, રત્નત્રયિ નિરધાર;
ત્રણ પ્રદક્ષિણા, તે કારણે, ભવ દુઃખ ભંજનહાર.

# ✻ સાગારિઅનશન ✻

આહાર શરીરને ઉપધિ પચ્ચકખું પાપ અઢાર,
મરણ આવે તો વોસિરે, જીવું તો આગાર.

જઈ મે હુજ્જ પમાઓ; ઈમસ્સ દેહસ્સિ માઈ રયણીએ,
આહાર મુવહિ દેહં, સવ્વં તિવિહેણ વોસિરિઅં.

ચત્તારિ મંગલં, ચત્તારિ લોગુત્તમા | આ ત્રણે મંગલ
ચત્તારિ શરણં પવજ્જામિ | ભાવનામાંથી બોલવું.

એગોહં નત્થિમે કોઈ
નાહ મન્નસ્સ કસ્સઈ
એવં અદીણમણસો
અપ્પાણ મણુસાસઈ

એગોમે સાસઓ અપ્પા, નાણદંસણસંજુઓ
સેસા મે બાહિરાભાવા, સવ્વે સંજોગલખ્ખણા,
સંજોગ મૂલા જીવેણ, પત્તા દુકખપરંપરા
તમ્હા સંજોગ, સંબંધં, સવ્વં તિવિહેણ વોસિરિઅં.

અરિહંતો મહદેવો, જાવજ્જીવં સુસાહુણો ગુરૂણો,
જિનપન્નતં તત્તં, ઈઅ સમ્મત્તં મએ ગહિઅં ૩ વખત
ખમિઅ ખમાવિઅ, મઈ ખમીહ સવ્વહજીવનિકાય,
સિદ્ધહસાખ આલોયણુ હ મુજ્જહ વૈર ન ભાવ.
સવ્વે જીવા કમ્મવસ ચઉદહ રાજ ભમંત
તે મે સવ્વ ખમાવિઆ મુજ્જવિ તેહ ખમંત.
જં જં મણેણ બદ્ધં, જં જં વાએણ ભાસિઅંપાવં
જં જં કાએણ કયં મિચ્છા મિ દુક્કડં તસ્સ.

૭ નવકાર ગણવા

# મિચ્છા મિ દુક્કડં.

ખામેમિ સવ્વ જીવે,
સવ્વે જીવા ખમંતુ મે;
મિત્તિ મે સવ્વ ભૂએસુ,
વરં મજ્ઝ ન કેણઇ.

ખમાવું બધા જીવને આજ પ્રીતે,
ખમો તે બધા મુજને સર્વ રીતે;
બધા જીવમાં મિત્રતાને પ્રસારૂં,
નથી કોઈ સાથે હવે વેર મારૂં.

વર્ષ દરમિયાન આપના પ્રત્યે જે અપરાધ
થયો હોય તેની માફી માંગુ છું. મારા
પ્રત્યેના આપના અપરાધોની માફી આપું છું.

લિ.

ના ખમત ખામણાં